ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધિનગર (સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, ગુ. રા.) સ્થાપિત
અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન", બાલાણી હોસ્પીટલ, પહેલો માળ, સોલંકી રેસ્ટોરન્ટની બાજુમાં,
સંસ્કાર મંડળ – રામમંત્ર રોડ, ભાવનગર – ૩૬૪૦૦૨

DST

8866570111 krcscbvn@gmail.com krcscbhavnagar.org

**અખબાર યાદી**

Date: 3rd May, 2025

પ્રતિ,

તંત્રી શ્રી,

જય વિજ્ઞાન,

ભાવનગરના જાણીતા ખગોળ પ્રેમી સ્વ. પ્રો. સુભાષ મહેતા પ્રેરિત અને લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર સંચાલિત 'ભાવનગર એસ્ટ્રોનોમી કલબ' દ્વારા 'સુભાષ સપ્તમી' અંતર્ગત તખ્તેશ્વર મંદિર ખાતેથી તા.૦૪-૦૫-૨૦૨૫ ના રોજ રાત્રે ૮:૦૦ થી ૯:૩૦ દરમ્યાન

## "સધર્ન ક્રોસ/ત્રિશંકુ/સ્વસ્તિક" તારા ચિહ્ન વિષે સચિત્ર માહિતી સાથે ટેલીસ્કોપ દ્વારા આકાશ

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ (DST) ના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCOST) દ્વારા ગુજરાત રાજ્યના પ્રત્યેક જીલ્લાઓમાં જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર અથવા પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં પ્રાદેશિક કક્ષાનું 'કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર' વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

બ્રહ્માંડ ખૂબ વિશાળ છે અને કદાચ તેનો કદ-વિસ્તાર અનંત છે; તેનું અવલોકનક્ષમ દ્રવ્ય અવકાશમાં કમસેકમ 93 અબજ પ્રકાશ વર્ષો સુધી પથરાયેલું છે. સરખામણી કરીએ તો, પડોશી તારાવિશ્વો વચ્ચેનું લાક્ષણિક અંતર માત્ર 30 લાખ પ્રકાશ-વર્ષો હોય છે. આ દ્રશ્ય બ્રહ્માંડમાં પ્રતિ સેકંડ, આમતો માઈક્રો સેકંડમાં અનેક વિધ ઘટનાઓ થતી હોય છે. બ્રહ્માંડની સતત બદલાતી આ માહિતીઓને લોક ભોગ્ય બનવવા માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

દ્રશ્ય દરેક ખગોળીય પદાર્થ સાથે કોઈ ને કોઈ વાર્તા જોડાયેલી છે. એવું માની શાકાય કે લોકો બ્રહ્માંડ વિષે જાગૃત બની અવલોકન કરે તે માટે દરેક પદાર્થને વિશેષ મહત્વ આપવામાં આવ્યું હશે. આપણને વારસામાં મળેલું એક અજોડ દ્રશ્ય અટલ રહેલ રાત્રિ આકાશ. અને તેની વચ્ચે દક્ષિણ ખગોળમંડળમાં ઊગતું "સધર્ન ક્રોસ" (Southern Cross) એટલે કે "દક્ષિણ ક્રોસ" એક વિશિષ્ટ અને પુરાતન દિશાસૂચક તારાનું સમૂહ છે, જેને વૈજ્ઞાનિક રીતે "ક્રક્સ" (Crux) તરીકે ઓળખવામાં આવે છે. જેની સવિસ્તૃત માહિતી લોકો સમજે અને બ્રહ્માંડના વિવિધ પદાર્થો ને ઓળખતા થાય તેવા હેતુ થી શ્રી તખ્તેશ્વર મંદિર ખાતે તા.૦૪-૦૫-૨૦૨૫ ના રોજ રાત્રે ૮:૦૦ થી ૯:૩૦ દરમ્યાન આકાશ દર્શનનું આયોજન કરવામાં અવ્યું છે. જેમાં "ક્રક્સ" (Crux) તરીકે ઓળખાતા ચાર તારાઓ, તુલા રાશી, વિશાખા નક્ષત્ર, અનુરાધા અને પારિજાત જેવા તારાઓની ઓળખ અને સમજણ આપવામાં આવશે.

ઉપરાંત વિવિધ ગ્રહોને ટેલીસ્કોપ વડે નિહાળવાની વ્યવસ્થા કરવામાં આવનાર છે. સૈધાંતિક અને પ્રોગિક માહિતી માહિતી મેળવવા અને ટેલીસ્કોપની મદદથી ગ્રહોને નિહાળવા માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર ખગોળ રસિકોને નિમંત્રણ પાઠવે છે. અન્ય વિગતો અને માહિતી માટે www.krcscbhavnagar.org અથવા 8866570111 પર સંપર્ક કરી શકાશે.

(શ્રી હર્ષદ જોષી)
જીલ્લા કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.